## શરીરના અંગ અને પેશીનું દાન

*શરીરના અંગ અને પેશીનું દાન કરવું એ એક વ્યક્તિગત પસંદગીની બાબત છે. તમારો નિર્ણય તમારા પરિવાર સાથે શેર કરો.*

**MUHC નર્સ ક્લિનિશિયન્સ દ્વારા તૈયાર કરાયેલ: Wendy Sherry અને Bernard Tremblay સાથે કેનેડિયન બ્લડ સર્વિસિસના સહયોગથી**

## શરીરના અંગ અને પેશીનું દાન એ શું છે?

લોકોને તેમનું સ્વાસ્થ્ય પુનઃપ્રાપ્ત કરવામાં મદદ કરવાના ઉમદા હેતુથી તમે અંગ અને પેશીનું દાન કરવાનો નિર્ણય લઇ શકો છો. અંગ દાન અસ્વસ્થ અંગોને સ્વસ્થ અંગો સાથે બદલીને જીવન બચાવે છે. પેશીનું દાન લોકોને તેમની દૃષ્ટિમાં સુધારો લાવીને અથવા ગંભીર દાઝ્યા પછી ચેપને અટકાવીને વધુ સારું જીવન જીવવામાં મદદ કરે છે.

દાન કરેલા અંગો અને પેશીઓ એવા લોકોને આપવામાં આવે છે જેમને તેમની સૌથી વધુ જરૂર હોય. દાનમાં આપેલા અંગો અને પેશીઓ કોણ મેળવે છે તેનો નિર્ણય  જાતિ, લિંગ, આવક અથવા સેલિબ્રિટી દરજ્જા દ્વારા પ્રભાવિત થતો નથી.

તમારા શરીર માટે કાળજી અને આદર એ દાન પ્રક્રિયાનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે. હોસ્પિટલના ઓપરેટિંગ રૂમમાં સર્જરી દરમિયાન અંગો કાઢવામાં આવે છે અને જરૂરિયાતમંદ વ્યક્તિ સુધી પહોંચાડવામાં આવે છે. પછી પેશી અને આંખો કાઢવામાં આવે છે. ઓપન કાસ્કેટ અંતિમવિધિ વ્યવસ્થા એક યોગ્ય વિકલ્પ બની શકે છે.

## કયા-કયા અંગો અને પેશીઓનું દાન કરી શકાય છે?

જે અંગો અને પેશીઓનું દાન કરી શકાય છે, એ છે:

*અંગો*
હૃદય, ફેફસાં, સ્વાદુપિંડ, પૅનક્રિઆસ આઈલેટ સેલ્સ (સ્વાદુપિંડની અંદર જોવા મળતો કોશોનો સમૂહ), યકૃત, મૂત્રપિંડો, પેટ અને નાનું આંતરડું

*પેશીઓ*
કોર્નિયા (આંખના ડોળા ઉપરના પારદર્શક પટલો), સ્ક્લેરા (આંખના આગળના ભાગમાં આવેલું સ્પષ્ટ બાહ્ય પડ), ત્વચા, હૃદયના વાલ્વ, હાડકું અને ટેન્ડન્સ (કંડરા)

## કોણ દાન આપી શકે છે?

નવજાત બાળકથી લઈને મોટી વયના લોકો સુધી દરેક જણ પાત્ર બની શકે છે. અંગ અથવા પેશીનું દાન લેનાર સંસ્થા દરેક કેસનું મૂલ્યાંકન કરીને નક્કી કરશે કે કયા અંગો અને પેશીઓનું દાન કરવું શક્ય છે.

*આખરે કોઈના મૃત્યુ વિશે વાત કરવી તે ફક્ત તમારા માટે જ નહીં પણ તમારા પરિવાર માટે પણ મુશ્કેલ હોઈ શકે છે.*

## જો હું બીમાર હોઉં તો પણ શું હું દાન કરી શકું?

કોઈ તબીબી સ્થિતિ અથવા ગંભીર બીમારી તમને એક સંભવિત અંગ દાતા તરીકે બાકાત રાખતી નથી. જ્યારે સમય આવે ત્યારે તમામ સંભવિત દાતાઓનું વ્યક્તિગત, તબીબી, કેસને આધારે નિર્ણય કરીને મૂલ્યાંકન કરવામાં આવે છે.

## મારે આ બાબતે વિચારવાનું ક્યારે શરૂ કરવું જોઈએ?

આપણે જીવતા હોઈએ ત્યારે મૃત્યુ વિશે વાત કરવી મુશ્કેલ બની શકે છે. પરંતુ અંગ અને પેશી દાતા બનવા માટે નોંધણી કરવાના તમારા નિર્ણય વિશે વાત કરવી અત્યંત મહત્ત્વપૂર્ણ છે. તમારા પ્રિયજનોએ તમારા જીવનના અંતે તમારી ઇચ્છાઓને માન આપવા માટે સંમતિ આપવી જરૂરી છે; જો તમે પહેલેથી જ તેના વિશે વાત કરી હોય, તો તેમના માટે યોગ્ય વસ્તુ કરવી વધુ સરળ બને છે.

જો તમે તમારા અંગો અને પેશીઓનું દાન કરવા ઇચ્છતા હો, તો કાં તો તમારા ફૅમિલી ડૉક્ટર અથવા તો તમારા પ્રૉવિન્શિયલ ડોનેશન પ્રોગ્રામનો સંપર્ક કરો.

## હું કેવી રીતે દાન કરી શકું છું?

તમારા પ્રૉવિન્સમાં અંગો અને પેશીઓનું દાન કરવા માટે કેવી રીતે નોંધણી કરાવવી:

- https://www.donateyourorgans.ca/#register

તમારો નિર્ણય ભલે ગમે તે હોય, તો પણ તમને હંમેશાં યોગ્ય તબીબી સારવાર પ્રાપ્ત થશે. તમે તમારા અંગો અને પેશીઓનું દાન કરવા માગો છો કે નહીં એ વિશે તમારા પરિવાર સાથે વાત કરો. તમારી પસંદગીનો હંમેશા આદર કરવામાં આવશે

કૃપા કરીને યાદ રાખો કે દાન કરવાની પ્રક્રિયા ત્યારે જ થઇ શકે કે જ્યારે તમારા ડૉક્ટર દ્વારા તમને મૃત જાહેર કરવામાં આવ્યા હોય.

તમારા જીવનના અંતે તમારા અંગો અને પેશીઓનું દાન કરવાનો તમારો નિર્ણય અન્ય લોકોને તેમના જીવનના અંત સુધી સુખરૂપ જીવી શકવામાં મદદ કરે છે.

વધુ માહિતી માટે, કૃપા કરીને અમને OTDT@blood.ca પર ઈમેઇલ કરો.